શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા

૬૬
C



1600065

# બાળનાટકો-૧

સંપાદન : ગિજુભાઈ ◆ તારાબેન

શ્રીદક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા : પુસ્તક ૮ મું

સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

# બાળનાટકો-૧

: લેખક :

## ગિજુભાઈ

卐

સુધારેલી કિંમત
રૂ. ૦-૧૦
આર. આર. શેઠની કં. મુંબઈ-૨.

આર. આર. શેઠની કંપની
પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ-૨

૧૯૬૪

# દળભંજનજી

☆

પાત્રો : શિયાળ, શિયાળવ અને તેનાં બચ્ચાં
સ્થળ : જંગલ

---

પડદો પહેલો

(શિયાળનાં બચ્ચાં ટાઢે ધ્રૂજે છે. શિયાળ અને શિયાળવ ચિંતા કરતાં ઊભાં છે.)

શિયાળવ:—સાંભળ્યું કે? જોતા નથી આ બચ્ચાં થરથર ધ્રૂજે છે? એકાદ બખોલ તો શોધી કાઢો?

શિયાળ :—હું એના જ વિચાર કરું છું. હવે બખોલ વિના નહિ રહેવાય.

શિયાળણ :—એમાં વળી વિચાર શા કરવા'તા? હમણાં જ જાઓ ને બખોલ શોધી કાઢો. જોજો, સારી મજાની હુંફાળી ને ઊંડી બખોલ ગોતજો.

શિયાળ :—ઠીક ત્યારે, તમે બધાં અહીં બેસો. હું બખોલ જોવા જાઉં છું.

શિયાળણ :—પાછા વહેલા આવજો. ને જોજો, કોઈ વાઘ કે સિંહની બખોલ ન ગોતતા.

શિયાળ :—એ ઠીક.

## પડદો બીજો

(શિયાળ બખોલ ગોતે છે; એકે ગમતી નથી.)

શિયાળ :—આ બખોલ સાવ ખરાબ છે, નકરા કાંકરા કાંકરાવાળી છે. કાંકરા બચ્ચાંને ખૂંચે ના? ચાલ, બીજી જોઉં.

(બીજી બખોલ જોઈ ને)

આ કાંઈક ઠીક છે, પણ પૂરી ઊંડી નથી.
આમાં કાંઈ અમે બધાં સમાઈએ? આ
તો નહિ ચાલે.

(ત્રીજી બખોલ જોઈને)

આ બખોલ છે તો સારી. ઊંડી છે,
કાંકરા વિનાની છે; પણ આમાં ભીનું
ભીનું છે. આમાં તો પાછી ટાઢ વાય ના?
ચાલ, બીજી જોઉં.

(ચોથી બખોલ જુએ છે.)

આ બખોલ સુંદર છે! આમાં જ રહીએ.
ઊંડી છે, સુંવાળી છે ને હૂંફવાળી છે.
બસ, આમાં જ રહીએ. પણ....પણ....
આ બખોલ કોની હશે? (આમતેમ તપાસ
કરી) બખોલ તો માળું સિંહની લાગે
છે. કોઈની નહિ ને સિંહની બખોલમાં
રહેશું? પણ ત્યારે કરવું શું? બચડાંને
કાંઇ ટાઢે મરાશે? (મનમાં જરા વિચાર કરીને)
એ તો જોયું જશે. સિંહભાઈ પણ શું
કરી શકે છે? કંઇક યુક્તિ કાઢશું ને સિંહને
ભગાડશું.

પડદો ત્રીજો

(શિયાળ, શિયાળ્ય ને બચ્ચાં ગુફા પાસે ઊભાં છે વાત કરે છે.)

શિયાળ્ય :—આ બખોલ તો જાણે સરસ છે. પણ હશે કોની?

શિયાળ :—હવે તારે એનું શું કામ છે? હશે કોઈની.

શિયાળ્ય :—ના ના; સિંહબિંહની હોય તો તો મારી નાખે ના!

શિયાળનાં બચ્ચાં :—બાપુ! આ બખોલ તો બહુ સરસ છે. જરા ય ટાઢ વાતી નથી. આ અમને બહુ ગમે છે.

(બચ્ચાં અંદર પેસી જાય છે.)

શિયાળ :—હા હા; એમાં જ આપણે રે'વાનું છે.

શિયાળ્ય :—પણ....

શિયાળ :—વળી પણ શું? સિંહની હશે તો જોયું જશે. એ સિંહ તો આપણે શિયાળ; એને બળ તો આપણે કળ!

શિયાળ્ય :—ના ના; પણ....

શિયાળ :—તું જો તો ખરી; ભાર છે સિંહના કે અંદર આવે!
શિયાળ્ય :—પણ ત્યારે?
શિયાળ :—ત્યારે શું? હું કહું એમ તારે કરવું. સિંહ આવે એટલે બચડાં રોવા માંડે. એટલે હું બોલીશ:
"સાંભળો છો દળભંજનજી?"
શિયાળ્ય :—ઠીક. પછી?
શિયાળ :—પછી તારે કહેવું:
"શું કહો છો આગવરજાળજી?"
શિયાળ્ય :—ઠીક પછી?
શિયાળ :—પછી હું પૂછીશ:
"બચડાં શા માટે રુએ છે?"
શિયાળ્ય :—એટલે મારે શું કહેવું?
શિયાળ :—એટલે તારે કહેવું:
"સાવજનાં કાળજાં માટે."
શિયાળ્ય :—એટલે?
શિયાળ :—એટલે સાવજ બીને ભાગી જશે.
શિયાળ્ય :—વાહ! આગવરજાળજી કાંઈ ડાહ્યા!

છે! આ જુક્તિ તો ભારે કાઢી!

શિયાળ :—ત્યારે એમ છે, દળભંજનજી!

## પડદો ચોથો

(સિંહ ત્રાડ નાખતો આવે છે. શિયાળ ખોંખારો મારી બોડ આગળ બેસે છે. બચ્ચાં રડવા લાગે છે.)

સિંહ :—હૂં....હૂં....હૂં....(મનમાં વિચાર કરે છે) બોડમાં તો કોઈ પેઠું લાગે છે. કોણ હશે? સિંહની બોડમાં વળી કોણ પેઠું?

(સિંહ હુંકાર કરે છે. ત્યાં તો બચ્ચાં વધારે રડે છે ને શિયાળ કાંઈક બોલે છે. સિંહ કાન માંડીને સાંભળે છે.)

શિયાળ :—સાંભળો છો દળભંજનજી?

શિયાળ્ય :—શું કહો છો આગવરજાળજી?

શિયાળ :—બચડાં શું કામ રુએ છે?

શિયાળ્ય :—સાવજનાં કાળજાં માટે.

શિયાળ :—આ આવે સાવજ. હમણાં એનાં કાળજાં લાવું છું ભાર છે ઈ કૂતરાના?

(સિંહ થંભી જાય છે ને વિચાર કરે છે.)

સિંહ :—આ શું? અંદર કોણ હશે?

(ફરી વાત ચાલે છે.)

શિયાળ :—સાંભળો દળભંજનજી?

શિયાળ્ય :—શું કહો છો આગવરજાળજી?

શિયાળ :—બચડાં શું કામ રુએ છે?

શિયાળ્ય :—સાવજનાં કાળજાં માટે.

શિયાળ :—ઓહ! એમાં શી મોટી વાત છે? આ હાલ્યો આવે સાવજ. હમણાં એનાં કાળજાં લાવું છું. ભાર છે ઈ કૂતરાના!

(સિંહ ગભરાઈ હૂ હૂ કરતો ભાગે છે.)

## પડદો પાંચમો

(સિંહ ઊભી પૂંછડીએ ભાગ્યો જાય છે. ત્યાં વાંદરો મળે છે.)

વાંદરો :—અરે સિંહભાઈ! આમ હાંફળાફાંફળા ક્યાં ભાગ્યા?

(સિંહ તો ય ભાગે છે. વાંદરો એની પાછળ જઈ પૂછે છે.)

વાંદરો :—અરે, કહો તો ખરા કે શું છે? વનરાજ થઈને આમ કાં?

સિંહ :—અરે જવા દે રે જવા દે! કો'કના બચ્ચડાં મારાં કાળજાં માટે રડે છે અને એનો બાપ કહે છે કે, આ ઘડીએ લાવું છું સાવજનાં કાળજાં!

વાંદરો :—પણ એ છે ક્યાં? બતાવો તો ખરા?

સિંહ :—એ મારી બોડમાં બેઠાં.

વાંદરો :—તમારી બોડમાં? વનના રાજાની બોડમાં? તમારાથી મોટું કોણ હોય?

સિંહ :—હવે ઝટ જવા દે ને! આ ઘડીએ વાંસે આવશે ને પકડશે.

વાંદરો :—ચાલો ચાલો, તપાસ તો કરીએ!

સિંહ :—ના રે ભાઈ! મારે તપાસ નથી કરવી.

વાંદરો :—અરે, પણ સિંહ થઈને આમ થાય? એમ હોય તો આપણે બંને પૂંછડીઓ બાંધીએ ને સાથે જોવા જઈએ.

(વાંદરો ને સિંહ પૂંછડીઓ [illegible] બાંધે છે ને બોડ તરફ જાય છે.)

## પડદો છઠ્ઠો

(વાંદરો ને સિંહ પૂછડીઓ બાંધીને ચાલ્યા આવે છે. એમને જોઈ શિયાળ અને શિયાળ્ય વાતો કરે છે, ને બચડાં રુએ છે.)

શિયાળ :—સાંભળો છો દળભંજનજી?

સિંહ :—જો બોલ્યો!

વાંદરો :—રાખો રાખો; એમાં શું બોલ્યો?

શિયાળ્ય :—શું કહો છો આગવરજાળજી?

સિંહ :—ભાઈ, જાવા દે ને?

વાંદરો :—અરે એમાં કાંઈ નથી!

શિયાળ :—બચડાં શા માટે રુએ છે?

સિંહ :—જો બચડાં રડે. હું નો'તો કે'તો?

વાંદરો :—અરે પણ એમાં શું થઈ ગયું?

શિયાળ્ય :—સાવજનાં કાળજાં માટે.

સિંહ :—જો, હું નો'તો કે'તો કે એને મારાં કાળજાં ખાવાં છે?

(સિંહ પૂંછડી ખેંચાવે છે, ને ભાગવા કરે છે.)

વાંદરો :—ગાંડા થાઓ મા, ગાંડા! ભાર છે
કોઈના કે સાવજનાં કાળજાં ખાય?
(ત્યાં શિયાળ બોલે છે.)

શિયાળ :—વાંદરો ભાઈબંધ આવે છે, ને
સાવજનાં કાળજાં લાવે છે;
વાંદરો ભાઈબંધ આવે છે, ને
સાવજનાં કાળજાં લાવે છે.

સિંહ :—એલા, આ તો વાંદરે છેતર્યા લાગે છે!
(સિંહ બીતો બીતો પૂંછડી
ખેંચી ભાગવા જાય છે.)

વાંદરો :—અરે કંઈ નથી, કંઈ નથી!
(ખરચાં રડે છે. શિયાળ ફરી
વાર એનું એ જ બોલે છે.)

શિયાળ :—વાંદરો ભાઈબંધ આવે છે, ને
સાવજનાં કાળજાં લાવે છે;
વાંદરો ભાઈબંધ આવે છે, ને
સાવજનાં કાળજાં લાવે છે.
(સિંહ ભાગ્યો જાય છે ને વાંદારો
પાછળ પાછળ ખેંચાયે જાય છે.)

# ટાઢું ટબૂકલું

☆

## દૃશ્ય પહેલું

સ્થળ : એક ડોશીનો કૂઓ

સમય : વરસાદનો

(એક સિંહ કૂબા પાછળ ધ્રૂજતો ઊભો છે.)

ડોશી :—આ જો ને રોયું ટાઢું ટબૂકલું! ટપક ટપક આખો દી ને રાત થયા જ કરે છે! આ તે કોને કહેવું? આ તો જીવ લેશે!

હું સિંહલાથી ન બીઉં,
હું વાઘલાથી ન બીઉં;
બીઉં હું એક ટાઢા ટબૂકલાથી!

સિંહ :—ઓય માળું! આ ટાઢું ટબૂકલું તે કેવું હશે? ડોશી કહે છે કે—

હું સિંહલાથી ન બીઉં,
હું વાઘલાથી ન બીઉં;
બીઉં હું એક ટાઢા ટબૂકલાથી!

આ ટાઢું ટબૂકલું માળું કેવું હશે? ક્યાંઈક આપણને પકડે નહિ!

ડોશી :—આ જો ને વાંસે લાગ્યું જ છે! ચાલ ને આજ તો બધું બહાર જ કાઢું!

સિંહ :—એલા માર્યા! આ તો આ ઘડીએ ક્યાંઈક આપણને વળગશે. ડોશી કહે છે કે એને બહાર કાઢું. ચાલ ને ભાગી જાઉં!

(સિંહ દોડતો દોડતો જાય છે.)

## દૃશ્ય બીજું

સ્થળ : વડ

સમય : રાત્રિનો

(વાંદરો વડ ઉપર બેઠો છે. એક મુસાફર નીચે સૂતો છે. ત્યાં દોડતો દોડતો સિંહ નીકળે છે.)

વાંદરો :—અરે સિંહભાઈ, સિંહભાઈ! ક્યાં દોડ્યા જાઓ છો? શ્વાસે માતો નથી! આ તો ક્યાંક બીધા હો એમ લાગે છે.

સિંહ :—અરે ભાઈ! ઊભા રહેવાનો વખત નથી. પણે એક ડોશી છે તે કહે છે—

હું સિંહલાથી ન બીઉં,<br>
હું વાઘલાથી ન બીઉં;

બીઉં હું એક ટાઢા ટબૂકલાથી !
ને કહે છે હમણાં એને બા'ર કાઢું છું.

(મુસાફર બીએ છે એટલે વડ ઉપર ચડવા માંડે છે. ત્યાં હાથમાં વાંદરાનું વરસાદમાં ભીનું થયેલું પૂંછડું આવે છે, એટલે તે ચીસ નાખી ઊઠે છે.)

મુસાફર :—એ આવ્યું ટાઢું ટબૂકલું ! આવ્યું ?

(ત્યાં તો વાંદરો પણ બી ને કૂદે છે, ને સિંહ ઊભી પૂંછડીએ ભાગે છે. રસ્તામાં વોરાજી નીકળે છે.)

વોરાજી :—અરે સાલી બકરી ક્યાં ચાલી ગઈ ? બકરીકી જાત બોત ખરાબ ! એક વાર હાથમાં આવે તો એવી લગાવું કે બસ ! (વોરાજી સિંહ સાથે અથડાય છે.) હં, એ હાથ આવી ! અબી કાન પકડવા દે ! (વોરાજીના હાથ ઠંડા છે એટલે સિંહ ધારે છે કે ટાઢું ટબૂકલું આવ્યું, એટલે પોતે પકડાય છે.) હું ! જો ને ? હવે તો ગરીબ થઈ ચાલી આવે છે. ઠીક છે, ઘેર જવા દે; પછી વાત.

(સિંહ બિચારો ધ્રૂજતો ધ્રૂજતો જાય છે.)

## દશ્ય ત્રીજું

સ્થળ : વોરાજીનું ઘર

સમય : સવારનો

(સવારે વોરી બકરી દોવા જાય છે.)

વોરી :—અરે, વોરાસાહેબ! દેખો તો ખરા? આ તે તમારી બકરી છે કે બકરો? આ તો કંઈક બીજું છે!

વોરાજી :—હવે સૂવા તો દે! અરધી રાત સુધી બકરી ગોતી ગોતીને હેરાન થઈ ગયો છું.

વોરી :—પણ, એને દોશે કોણ? એ તો કાકો સિંહ છે. આ સાંભળતા નથી ઘુરર ઘુરર ઘુરકે છે તે?

(વોરાજી બહાર આવે છે.)

વોરાજી :—અરે, યે તો સિંહ દેખું! રાતમેં તો બકરી પકડીથી! અભી સિંહ કેસા બન ગયા? ગઝબકી બાત!

(વોરાજી સિંહનું દોરડું કાપી નાખે છે એટલે માંડ છૂટયા એમ સમજી સિંહ નાસી જાય છે.)

# ખડબડ ખડબડ ખોદત હૈ

✻

દૃશ્ય પહેલું

સ્થળ : બ્રાહ્મણનું ઘર

પાત્રો : બ્રાહ્મણ અને બ્રાહ્મણી

બ્રાહ્મણી :—સાંભળ્યું કે ? આ છોકરાંનું દુઃખ મે'થી નથી ખમાતું. બેઠા બેઠા પાનાં વાંચો ને પાઠ કરો તેમાં કાંઈ પેટ ભરાય ? આ ત્રણ દી થયા. ઘરમાં નથી તેલ કે નથી મરચું કે મીઠું. એકલી બોરી જાર તે કેમ ખવાય ? છોકરાં બિચારાં વીલાં વીલાં ફરે છે, તે તમને કાંઈ દયા છે ?

બ્રાહ્મણ :—પણ હું શું કરું ? આ એક મહિ-મન્ ભણ્યો છું તે રોજ વાચું છું ને રોજ ભૂલું છું. કાંઈક વિદ્યા યે આવડે ત્યારે ને ? હવે તો કોઈ માગ્યો લોટ નથી આપતું !

બ્રાહ્મણી :—તો પરગામ જાઓ, ટેલ નાખો, ગમે તેમ કરો. પાંચ પૈસા રળ્યા વિના કાંઈ ચાલશે ?

બ્રાહ્મણ :—પણ ટેલ નાખતા આવડે તો ને ? જે ભણું તે ભૂલું છું. હું તે કરું શું ?

બ્રાહ્મણી :—લ્યો તમને એક શ્લોક ગોખાવું. આઠ દી ને આઠ રાત ગોખો. તો પછી આવડશે ને ? લ્યો ગોખો ત્યારે—

केयूरा न विभूषयन्ति पुरुषं हारा न चन्द्रोज्वलाः
न स्नानं न विलेपनं न कुसुमं नालंकृता मूर्धजाः।
वाण्येका समलंकरोति पुरुषं या संस्कृता धार्यते
क्षीयन्ते खलु भूषणानि सततं वाग्भूषणं भूषणम् ॥

(બ્રાહ્મણ ગોખવા માંડે છે પણ જરા યે ફાવતું નથી.)

બ્રાહ્મણ :—આ તો માથું દુખવા આવ્યું પણ શ્લોક આવડતો નથી.

(બ્રાહ્મણી માથે ઊભી રહી હાથમાં વેલણ રાખી બીક બતાવી શ્લોક ગોખાવે છે. બ્રાહ્મણ શ્લોક ગોખે છે. જેમતેમ કરી માંડ શ્લોક આવડે છે.)

બ્રાહ્મણ :—લ્યો હવે પરગામ જાઓ. આ શ્લોક

બોલજો ને કહેજો કે જેને આની જેટલી ક્િંમત આપવી હોય તેટલી આપો.

(બ્રાહ્મણ ખભે ખડિયો નાખી પરગામ જવા ચાલી નીકળે છે.)

### દૃશ્ય બીજું

સ્થળ : નદીકિનારો

સમય : સવારનો

(બ્રાહ્મણ નાહી ધોઈ ભાતું ખાવા બેઠો છે.)

બ્રાહ્મણ :—માળું, આ તો માર્યા! શ્લોક તો લી ગયા. ને હવે પાછો જાઉં તો તો જોયા જેવી થાય ના? શું? પેલું શું? પેલી લીંટી શી હતી? કંઈક હતું ખરું. (સાંભારવા મહેનત કરે છે.) કંઈક 'ચેયુર' કે 'પેયુર' જેવું હતું તો ખરું! આ તો ભારે ભૂંડી થઈ!

(કાંઠે એક કૂકડી ખોદે છે, તેની ઉપર બ્રાહ્મણની નજર પડે છે.)

એલા, ઈ શું? માળું! આ તો કો'ક

ખડબડ ખડબડ, ખોદત હે. (બ્રાહ્મણ વિચારમાં પડે છે.) એલા, આ ઠીક થયું. ચેયુર ને પેયુર બધું ઘેર ગયું! આ પહેલી લીંટી આપણે આમ જ રાખો ને!

"ખડબડ ખડબડ ખોદત હે."

ઠીક છે. હવે એનો બરાબર પાઠ કરવો.

(બ્રાહ્મણ ગોખવા માંડે છે.)

"ખડબડ ખડબડ ખોદત હે;
ખડબડ ખડબડ ખોદત હે."

ઠીક ચાલો, આ તો આવડ્યું. પણ હવે બીજી લીંટીનું શું! અરે? ઈ કાંઈ આવડે? આવડતી હોત તો પહેલી જ આવડત ને?

(ત્યાં કૂકડી લાંબી ડોક કાઢીને ઊંચે જુએ છે. બ્રાહ્મણ તે દેખે છે.) એલા આ તો "લાંબી ડોકે જોવત હે!"

(વિચાર કરે છે.)

એલા હા! આ ઠીક છે. આ બીજું ચરણ થયું. ચાલો એ જ ગોખીએ.

"લાંબી ડોકે જોવત હે;
લાંબી ડોકે જોવત હે."

(ત્યાં કૂકડી લપાઈને બેસી જાય છે.)

એલા, આ તો
"કુકડ મુકડ બેઠત હે!"

(કૂકડી ભાગી જાય છે.)

માળું! આ તો
"ધડબડ ધડબડ દોડત હે!"

હાશ, હવે ઠીક થયું! શ્લોક ભૂલી ગયો તો કાંઈ નહિ. આ હવે નવો શ્લોક થયો :

"ખડબડ ખડબડ ખોદત હે;
લાંબી ડોકે જોવત હે;
કુકડ મુકડ બેઠત હે;
ધડબડ ધડબડ દોડત હે."

બધાને પૂછીશ કે આનો અર્થ કહો. કોઈ નહિ કહી શકે. કુકડીની વાતની કોઈને ખબર પડશે ત્યારે કહેશે ને?

(બ્રાહ્મણ ચારે ચરણ બોલતો બોલતો પછી રાજદરબારમાં જવા ઊપડે છે.)

દૃશ્ય ત્રીજું

સ્થળ : રાજાની કચેરી

(સભા ભરાઈ છે. બ્રાહ્મણ આવે છે.)

બ્રાહ્મણ :—છે કોઈ રાજાની કચેરીમાં જે મારા શ્લોકનો અર્થ કરે? સાંભળો :—

"ખડબડ ખડબડ ખોદત હે;
લાંબી ડોકે જોવત હે;
કુકડ મુકડ બેઠત હે;
ધડબડ ધડબડ દોડત હે."

(કોઈ અર્થ કરી શકતું નથી.)

રાજા :—મહારાજ! તમારા શ્લોકનો અર્થ તો મોટો પંડિત હોય તે કરે. આ હજાર રૂપિયા લઈ જાઓ ને શ્લોક આપી જાઓ.

(બ્રાહ્મણ રૂપિયા લઈ ચાલ્યો જાય છે.)

પ્રધાનજી! આ શ્લોક મારા સૂવાના ઓરડામાં લખાવી રાખો. હું એનો વિચાર કરીને અર્થ શોધી કાઢીશ.

પ્રધાનજી :—જેવો મહારાજનો હુકમ.

(કચેરી પૂરી થાય છે.)

## દૃશ્ય ચોથું

સ્થળ : રાજાનું શયનગૃહ

(રાજા જાગીને સામે લખેલા શ્લોકનો વિચાર કરે છે. ત્યાં બહાર ચોરો ખોદવા માંડે છે.)

રાજા :—શ્લોક તો જરા ય સમજાતો નથી. બાળો બ્રાહ્મણ મોટો પંડિત તો ખરો! આ 'ખડબડ ખડબડ ખોદત હે' એનો અર્થ તે શો હશે?

(ચોરો સાંભળે છે ને અંદર અંદર વાતો કરે છે.)

પહેલો ચોર :—એલા, રાજા સાંભળતો લાગે છે! આપણે હમણાં ખોદવું રહેવા દ્યો. જરા છાનામાના બેસી જાઓ.

(છાનામાના બેસી જાય છે ને લાંબી ડોકે જુએ છે. રાજા બીજું ચરણ વિચારે છે.)

રાજા :—'લાંબી ડોકે જોવત હે.' આનો વળી શો અર્થ હશે? લાંબી ડોકે જુએ છે, ખરું? લાંબી ડોકે, લાંબી ડોકે........

(ચોર ડરે છે.)

બીજો ચોર :—જોયું ? રાજા બરાબર જાણે છે. આપણી લાંબી ડોક પણ જોઈ ગયો ! જરા ચાલો નીચા બેસી જઈએ. રાજા ઊંઘી જશે પછી પાછા ખોદશું.

(ચોર છાનામાના બેસે છે.)

રાજા :—આ ત્રીજું ચરણ તો સાવ વિચિત્ર છે. 'કુકડ મુકડ બેઠત હે.' એ તે શું હશે ?

ત્રીજો ચોર :—જોયું ? રાજાને બધી ખબર છે. આ ઘડીએ સિપાઈને બોલાવશે તો બાર વાગ્યા સમજજો. ચાલો, ભાગી જઈએ.

(બધા દોડે છે ત્યાં વળી રાજા બોલે છે.

રાજા :—'ધડબડ ધડબડ દોડત હે.' વળી આ ચોથું ચરણ તે શું હશે ? 'ધડબડ ધડબડ દોડત હે !' કાંઈ સમજાતું નથી.

(દોડતાં દોડતાં ચોર વાત કરે છે.)

બધા ચોરો :—જોયું ? રાજાએ તો આપણને દોડતા ય ભાળ્યા.

પહેલો ચોર :—ત્યારે હવે શું કરશું ?

બીજો ચોર :—કરે શું? આપણે જ સવારે કચેરીમાં જઈને માફી માગવી.

ત્રીજો ચોર :—હાં. એ વાત બરાબર છે. જો છાનું રાખ્યું તો મૂઆ સમજજો.

(બધા નાસી જાય છે.)

### દૃશ્ય પાંચમું

સ્થળ : રાજકચેરી

(બધા નાસી જાય છે.)

પહેલો ચોર :—મહારાજ! માફ કરો. એક વાર જવાં દો.

બીજો ચોર :—ફરી કોઈ દિવસ રાજમહેલે ખાતર પાડવા નહિ આવીએ.

ત્રીજો ચોર :—અમને તે વખતે તો આપના જેવા મોટા મહારાજા જ જીવતા જવા દે. ખોદ્યું ત્યારે આપ એટલું જ બોલ્યા કે 'ખડબડ ખડબડ ખોદત હે.'' પાછા બીને અમે તો કોણ બોલે છે એ લાંબી ડોક

કરીને જોવા લાગ્યા. તેની ય આપને ખબર પડી ગઈ ને આપે કહ્યું: 'લાંબી ડોકે જોવત હે.' પાછા અમે ચૂપચાપ બેસી ગયા. આપ એ જોઈ ગયા ને બોલ્યા: 'કુકડ મુકડ બેઠત હે.' પછી તો અમે બીને ભાગ્યા. આપ તે વખતે એમ બોલ્યા: 'ધડબડ ધડબડ દોડત હે.''

રાજા :—હશે, જાઓ. ફરી વાર ખાતર પાડવા આવશો નહિ; તમારો ગુનો માફ કરું છું.

(ચોર જાય છે. રાજા કચેરીમાં સહુને રાતની બધી વાત કરે છે.)

માંળું બ્રાહ્મણના શ્લોકનો ભારે પ્રભાવ!

કચેરી :—મહારાજ! બ્રાહ્મણ તો બહુ હુશિયાર! ભારે વિદ્વાન!

(સૌ વખાણ કરતા ઊભા થાય છે.)

# ઠાકોર અને રંગલો

## એકાંકી નાટક

☆

પાત્રો—ઠાકોર....એક ગરાસદાર
રંગલો....તેનો નોકર

(ઘણે દિવસે ઠાકોર પરદેશથી પાછા ફરે છે. રંગલો નોકર તેમની સામો જાય છે. બન્ને ભેગા થાય છે, તેથી ખુશી થઈ હળે મળે છે. પછી ઠાકોર રંગલાને ઘરબાર વગેરેના ખબરઅંતર પૂછે છે.)

ઠાકોર—કેમ રંગલા! ઘરના શા ખબર છે?
રંગલો:—સારા ખબર છે, ઠાકોર!
ઠાકોર:—છે તો સૌ હીમખીમ ને?
રંગલો:—(જરા મોળું બોલે છે.) હા.

ઠાકોર :—કેમ જરા મોળું ભણે છે? છે તો સૌ હીમખીમ ને?

રંગલો :—(અચકાતો બોલે છે.) હા. પ....ણ એક જરા....ક કહેવાનું છે.

ઠાકોર :—તું તો બધાં હીમખીમ કહે છે, ને વળી કહેવાનું શું છે?

રંગલો :—કાંઈ નહિ; એ તો આપણો બાજિયો કૂતરો મરી ગયો.

ઠાકોર :—અરરર! બાજિયો કૂતરો? મોટો સિંહ જેવો શૂરો! હરણી જેવો ઉતાવળો! મોટો હાથી જેવો મસ્ત! અરે, એ મરે જ શેણે?

રંગલો :—હા બાપુ! મરે એવો તો નો'તો, પણ આપણી હરડી ઘોડીનાં હાડકાં કરડીને મૂઓ!

ઠાકોર :—(ચિડાઈને) અરે, બેવકૂફ! બોલ્યો શું? ઘોડીને શું થયું?

રંગલો :—ઘોડી બિચારી મરી ગઈ!

ઠાકોર :—અરે તું તો જરાક કે'તો'તો ને આ બધું ક્યાંથી નીકળ્યું? બોલ તો ખરો?

ઈ પંચકલ્યાણી, રેવાળ ચાલની, ફૂંકે ગાઉ દોડનારી મારી વા'લી હરડી શાથી મૂઈ?

રંગલો :—એમાં કાંઈ મનમાં ન લગાડવું; ઠાકોર! જેવી ઈશ્વરની મરજી! ઘોડી તો ખડ ને ચંદી વિના મરી ગઈ, બાપુ!

ઠાકોર :—અરે મૂર્ખા! ખડની ગંજીઓ અને ચંદીનાં કોઠારિયાં ભરી મૂક્યાં હતાં, તે ક્યાં ગયાં?

રંગલો :—એ બધાં તો આઈમાના કારજમાં વપરાઈ ગયાં!

ઠાકોર :—અરરર! આ તે શો ગજબ? આઈમા મૂઆં? મારા ઘરનું નાક! સુખનું કારણ ને દુઃખનો વિસામો! એને તે થયું શું?

રંગલો :—આઈમા તો કુંવરને દુઃખે મૂઆં.

ઠાકોર :—એલા ગમાર! કુંવરને એવડું તે કેવડું દુઃખ કે સમૂળગાં આઈ મૂઆં?

રંગલો :—કુંવરનું દુઃખ કાંઈ ઓછું કહેવાય? ઠાકોર! આઈમા તો કુંવરની પાછળ ઝૂરી ઝૂરીને ગયાં.

ઠાકોર :—હાય, હાય! મારો કુળદીપક કુંવર ગયો? કહે તો ખરો, એ શી રીતે મૂઓ?

રંગલો :—બાપુ! કુંવર તો ધાવણ વગર મૂઓ.

ઠાકોર :—અરે મોકાણિયા! ભસ તો ખરો? શું ઠકરાણાંએ ધવરાવ્યો નહિ તેથી મૂઓ?

રંગલો :—બાપુ! ઠકરાણાં હોય ત્યારે ને? એ તો સાથીપહેલાં મૂઆં!

ઠાકોર :—અરરર! ઠકરાણાં શાથી મૂઆં?

રંગલો :—કોગળિયું થયું તે મરી ગયાં.

ઠાકોર :—અરેરે! આ તો કોઈ ન રહ્યું! ત્યારે હવે ઘર કોણ સંભાળતું હશે?

રંગલો :—બાપુ! ઘર સાચવવા જેવું નથી રહ્યું એ તો એક દિવસ લાલબાઈએ સરખું કરી નાખ્યું છે!

ઠાકોર :—અરે પ્રભુ! અરે રામ! ગજબ થયો!

(ઠાકોર દિલગીર થઈ પોકે પોકે રડે છે. નોકર છાના રાખે છે.)

# વહેતો ભાભો

☆

## દૃશ્ય પહેલું

સ્થળ : શેરીમાં એક ખાબોચિયું
સમય : ચોમાસું

(દેડકું છે; કોઈ ઓળખતું નથી.)

પહેલો માણસ :—એલા આ તે માળું શું હશે?

બીજો :—કાંઇક લાગે છે તો ખરું.

ત્રીજો :—કોણ જાણે સસલું હશે.

ચોથો :—હવે હોયાં હોયાં; ત્યાં સસલું કેવું?

પાંચમો :—અરે જોતા નથી? આ તો બગલું લાગે છે.

છઠ્ઠો :—નહિ ભાળ્યું હોય બગલું! આ તો શિયાળ છે, શિયાળ. ચોમાસું છે તે એમ આવી યે ચડે.

પહેલો :—મને તો હરણ લાગે છે. આ જો ને કાંઈ ઠેકડા મારે છે!

બીજો :—લે રાખ્ય રાખ્ય; હરણ તે ઠેકડા મારતું હશે? આ તો કાંઈક નવું છે.

બધા :—ચાલો ને ત્યારે વહેતા ભાભાને પૂછીએ?

ત્રીજો :—હા, એ સાચું.

ચોથો :—ઘરડું માણસ છે તે એને જ બધી ખબર હોય ના!

પાંચમો :—ચાલો ત્યારે, ભાભા પાસે જઈએ.

### દૃશ્ય બીજું

(બધા વારાફરતી આવીને એકઠાં થાય છે.)

પહેલો માણસ :—ભાભા! ચાલો ને, પણે કાંઈક નીકળ્યું છે.

બીજો :—ભાભા! છે તો કાંઈક કૌતક જેવું.

ભાભો :—એલા, હવે તો કાંઈક શીખો! આખો ભવ હું કાંઈ બેસી રહેવાનો છું? હું તો હવે ખર્યું પાન.

બધા :—હ્યો, ભાભા ! ચાલો ચાલો.

ભાભો :—હાલો ત્યારે.

પાંચમો :—જુઓ ભાભા ! છે ને કાંઈક વિચિતર ?

ત્રીજો :—કોણ જાણે કયાંથી ય આવ્યું છે !

ભાભો :—ઓહો ! આમાં તે શું ? નાખો ને ચપટી દાણા ! ચણે તો ચકલું, નહિ તો મોર તો ખરો !

ચોથો :—એલા ચપટી દાણા તો નાખ્ય ?

બીજો :—એલા આ તો નથી ચણતું !

ત્રીજો :—એલા આ તો મોર ! એલા મોર !

બધા :—ભાભો કયાંઈ થાવો છે ? આ ઘડીકમાં કહી દીધું !

# શ્રીદક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા

## ૮૦ પુસ્તકો

**સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન**

(વિગતવાર સૂચિપત્ર મગાવો)

*

૧ ગણપતિ બાપા
૨ ચેલૈયો
૩ ઊભું હતું, ઊભું હતું
૪ હજામડી
૫ કબાટ
૬ બાળકોનો બીરબલ-૧
૭ ગોપીચંદ
૮ બાળનાટકો–૧
૯ હંસ અને હંસા
૧૦ તીરંદાજ
૧૧ ગામડામાં મળજો
૧૨ બાળપ્રવાસો
૧૩ મારા ગોઠિયા
૧૪ જરા હસો
૧૫ ક્યાંથી આવ્યાં
૧૬ મકનો અને રાક્ષસ
૧૭ રૂપસિંહ ને રામસિંહ
૧૮ ટપાલની પેટી
૧૯ ગધેડું
૨૦ ચીડિયાખાનું
૨૧ મહાસભાઓ
૨૨ કહેવતોનાં મૂળ
૨૩ ગપગોળા
૨૪ આફ્રિકા સાંભર્યું
૨૫ શબ્દપોથી
૨૬ વકચપોથી
૨૭ ચિઠ્ઠીપોથી
૨૮ નાના પાઠો
૨૯ મોટા પાઠો
૩૦ નાની વાતો
૩૧ ઘરમાં
૩૨ આંગણામાં
૩૩ શેરીમાં
૩૪ બાળશાળામાં
૩૫ ગામમાં
૩૬ ફરવા જઈએ

### શ્રીદક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા : એકંદર ૮૦ પુસ્તકો

૩૭ જુગતરામના પાઠો
૩૮ ભોં ભોં ભોં
૩૯ ગધેડું ને ઘોડું
૪૦ દાદા દર્શને
૪૧ બાળનાટકો–૨
૪૨ સવારથી માંડીને
૪૩ કુદરતમાં
૪૪ મોતિયો
૪૫ રામજીભાઈપડીગયા!
૪૬ મંગેશનો પોપટ
૪૭ ધોબીડો ધુએ છે
૪૮ પીરૂ અને–
૪૯ છાણાં થાપી આવ્યાં
૫૦ મામાની જાળ્ય
૫૧ વાડામાં
૫૨ રોજનીશી
૫૩ બાળકોનો બીરબલ-૨
૫૪ છેટાં રે'જો માબાપ
૫૫ મારી ગાય
૫૬ કમળા બેનના પાઠો
૫૭ ગિરિશિખરો
૫૮ કાળા હાથ, કાળી દાઢી
૫૯ ખળાવાડ
૬૦ પૂછું ?
૬૧ ઓતરાતી દીવાલો–૧
૬૨ ઓતરાતી દીવાલો–૨
૬૩ બુદ્ધચરિત્ર
૬૪ ગુજરાત–મહારાષ્ટ્ર
૬૫ જોડકણાં
૬૬ કહેવતસંગ્રહ
૬૭ હરિશ્ચંદ્ર
૬૮ એમ કેમ ?
૬૯ સાજા રહીએ
૭૦ વ્યાકરણપોથી
૭૧ વરતસંગ્રહ
૭૨ રમતજોડકણાં
૭૩ શિવાજી મહારાજ
૭૪ દુહા અને સોરઠા
૭૫ વિનોદ ટૂચકા
૭૬ બાળકોના લેખો
૭૭ આપણે પોતે
૭૮ કાવ્યસંગ્રહ
૭૯ છેલ્લો પાઠ
૮૦ સંપાદકોનું કથન

# ઉત્તમ બાલ-કિશોર સાહિત્ય

## સ્વ. ગિજુભાઈ સંપાદિત : દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય

| | | | |
|---|---|---|---|
| બાળવાર્તાઓ ૧ થી ૫ ... | ... સેટના | ... | ૧૦-૨૫ |
| બાળલોકગીત સંગ્રહ ૧-૨ ... | ... ,, | ... | ૨-૦૦ |
| બાલસાહિત્ય માળા (૮૦ પુસ્તકો) ... | ,, | ... | ૪૦-૦૦ |
| બાલસાહિત્ય ગુચ્છ (૨૫ પુસ્તકો) ... | ,, | ... | ૧૪-૦૦ |
| બાલસાહિત્ય વાટિકા-૧ (૩૨ પુસ્તકો) | ,, | ... | ૪૨-૫૦ |
| બાલસાહિત્ય વાટિકા-૨ (૧૬ પુસ્તકો) | ,, | ... | ૨૩-૫૦ |

કિશોર કથાઓ ૧-૨ ૪-૦૦ | ધર્માત્માઓનાં ચરિત્રો ૨-૫૦

રખડુ ટોળી ... ૫-૦૦ | ભગવાન બુદ્ધ .. (છપાશે)

## શ્રી નાનાભાઈ ભટ્ટ કૃત

| | | | |
|---|---|---|---|
| મહાભારતનાં પાત્રો (૧૩ પુસ્તકો) ... | સેટના | ... | ૨૦-૫૦ |
| રામાયણનાં પાત્રો (૬ પુસ્તકો) ... | ,, | ... | ૧૨-૦૦ |
| હિંદુધર્મની આખ્યાયિકાઓ ખંડ ૧-૨ | ,, | ... | ૫-૫૦ |

શ્રીમદ્ લોકભાગવત ૭-૫૦ | ભાગવતકથાઓ ૩-૫૦

## શ્રી મૂળશંકર મો. ભટ્ટ કૃત

સાગરસમ્રાટ ... ૩-૫૦ | પાતાળ પ્રવેશ ... ૨-૫૦

સાહસિકોની સૃષ્ટિ ૬-૦૦ | ખજાનાની શોધમાં ૩-૦૦

## પાંચ વિશિષ્ટ ગ્રંથાવલિઓ

| | | |
|---|---|---|
| બાલરંજનમાળા...લે૦ શ્રીકાન્ત ત્રિવેદી ... | સેટના | ૧૫-૦૦ |
| સુબોધ ગ્રંથાવલિ...લે૦ જીવરામ જોષી ... | ,, | ૧૦-૦૦ |
| સોટી-પોઠી (૩૦ પુસ્તકો) લે૦ ધનંજય શાહ | ,, | ૪૭-૫૦ |
| જ્ઞાન-વિજ્ઞાન ગ્રંથાવલિ...લે૦ ગિરીશ ગણાત્રા | ,, | ૭-૫૦ |
| નગર ગ્રંથાવલિ...લે૦ ધીરજલાલ ગજ્જર ... | ,, | ૮-૦૦ |

**આર. આર. શેઠની કંપની :** મુંબઈ-૨ અમદાવાદ-૧


કવર શ્રી પ્રવીણ પ્રિન્ટરી, સોનગઢ